# અરવલ્લી જિલ્લા સેવા સદનમાં આવેલ આધારકાર્ડ સેન્ટરની ધીમી કામગીરી સામે ઉગ્ર આક્રોશ

મોડાસા, તા.૧૧

આધાર માટે મહત્વપૂર્ણ પુરાવા તરીકે ગણાતા આધારકાર્ડથી જીલ્લાના હજુ ગણાબધા બાળકો અને પ્રજાજનો વંચિત છે અરવલ્લી જીલ્લા સેવાસદન કચેરીમાં આવેલા આધારકાર્ડ સેન્ટરમાં ગોકળગાય ગતિએ ચાલતી કામગીરીથી લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. મોડાસા શહેર સહીત જીલ્લાના પ્રજાજનો ધીમી કામગીરીના પગલે ધંધા-રોજગાર અને અભ્યાસ બગાડી ધરમધક્કા ખાવા પડતા આધારકાર્ડ સેન્ટર જીલ્લામાં તાલુકા મથકે વધારવામાં આવેની માંગ પ્રબળ બની છે.

ગતિશીલ ગુજરાતનું સ્લોગન બોલવામાં સારું લાગે છે પણ વાસ્તવિક રીતે વહીવટીતંત્રને ગતિશીલ કરવાની તાતી જરૂરિયાત ઉભી થઇ હોય તેમ લાગી રહ્યું છે. અરવલ્લી જીલ્લા સેવાસદનમાં આધારકાર્ડ સેન્ટરમાં વારંવાર સર્વર ઠપ થતા અને આધારકાર્ડ કઢાવવા આવતા પ્રજાજનોને ૧ થી ૪૫ ટોકન જ આપવામાં આવતા ફક્ત ૪૫ જ વ્યક્તિઓના આધારકાર્ડ નીકળતા હોવાથી જીલ્લાના અંતરિયાળ વિસ્તારમાંથી આવતી ગરીબ પ્રજાના પૈસા અને સમયની બરબાદી થઈ રહી છે.



સર્વર ઠપ્પ થતા લોકોને ધરમધક્કા ખાવા પડી રહ્યા છે. આધારકાર્ડ કઢાવવા આવેલા પ્રજાજનોના જણાવ્યા અનુસાર જીલ્લા કલેકટરે પ્રજાજનોને આધારકાર્ડ કઢાવવામાં પડતી મુશ્કેલી દૂર થાય તે માટે જીલ્લામાં વધુ આધારકાર્ડ સેન્ટર શરુ કરી પ્રજાજનોની મુશ્કેલી દૂર કરે તે ખુબ જરૂરી છે.

## મહેસાણા જિલ્લામાં શાંતિપૂર્ણ વાતાવરણમાં ચૂંટણી સંપન્ન માટે તંત્ર કટિબધ્ધ

જિલ્લા ચૂંટણી અધિકારી એચ.કે.પટેલે જણાવ્યું હતું કે મહેસાણા જિલ્લામાં સમાવિષ્ટ ૧૮૬૪ મતદાન મથકો પૈકી ૩૭૪ શહેરી અને ૧૪૯૦ ગ્રામીણ મથકોમાં ૧૬,૨૭,૬૭૮ મતદારો મતાધિકારનો ઉપયોગ કરનાર છે. જેમાં ૮,૪૪,૮૦૫ પુરૂષ મતદારો અને ૭,૮૨,૮૩૩ સ્ત્રી મતદારો સહિત ૪૦ અન્ય મતદારોનો સમાવેશ થાય છે. જિલ્લામાં ૨૩ એપ્રિલ-૧૯ના રોજ મતદાન થનાર છે.

મતદારને મતદાનના પાંચ દિવસ પૂર્વે ફોટો સાથેની મતદાર કાપલી બી.એલ.ઓ મારફતે ઘરે-ઘરે જઇ આપવામાં આવશે. મતદાર માત્ર ફોટો સાથેની કાપલીને આધારે મતદાન કરી શકશે નહિ જેના માટે વિવિધ ૧૧ પુરાવાઓ માન્ય કર્યા છે. અંધ મતદારોને બ્રેઇલ લીપીમાં ફોટો મતદાર કાપલી સામાન્ય કાપલી ઉપરાંત આપવામાં આવનાર છે. જિલ્લા મતદાન મથકોમાં પીવાનું પાણી, ટોયલેટ, રેમ્પ અને શેડ જેવી સુવિધા કરવામાં આવનાર છે. આ ઉપરાંત જિલ્લામાં સખી મતદાન મથકો પણ ઉભા કરવામાં આવનાર છે.

# મોડાસા સહયોગ બાયપાસ ચોકડી નજીક રહેણાંક વિસ્તારમાં તસ્કરો ત્રાટક્યા : પાંચ મકાનોમાં હાથફેરો

મોડાસા, તા.૧૧

મોડાસામાં નાઈટ પેટ્રોલિંગ કરતી પોલિસના દાવા પર તસ્કરોએ સપાટો બોલાવી એક રાત્રિમાં પાંચ મકાનોના તાળા તોડી નાખતાં સનસનાટી મચી જવા પામી છે મોડાસા શહેરમાં તસ્કરો ખાખી વર્દીને ચેલેન્જ આપી રહ્યા હોય તેવા દશ્યો સામાન્ય બન્યા છે. મોડાસાના સહયોગ બાયપાસ ચોકડી નજીક આવેલી કોરલ સીટી, દેવલ સીટી અને ગોકુલ ધામ રેસિડેન્સીમાં આવેલા ૫ બંગ્લોઝમાં ઘરફોડ ગેંગ ત્રાટકી મકાનોના દરવાજા અને જાળી તોડી નાખી સોના-ચાંદીના દાગીના, રોકડ રકમ અને કરિયાણાના માલસામાનની લૂંટ ચલાવી રફુચક્કર થતા લૂંટની ઘટનાના પગલે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. રાબેતા મુજબ લૂંટની ઘટનાના પગલે પોલીસ દોડી આવી હતી .

મોડાસા શહેરના બાયપાસ રોડ પર આવેલી રહેણાંક સોસાયટી વિસ્તાર અને બંગ્લોઝ ઘરફોડિયા ગેંગમાં લૂંટની ઘટનાને અંજામ આપવા જાણીતી છે ઘરફોડ ગેંગ પરિવારો ઘર બંધ કરી જવાની રીતસરની રાહ જોઈ બેઠેલા તસ્કરો બંધ મકાનમાં ત્રાટકી કસબ અજમાવી ફરાર થઈ જવાની અનેક ઘટનાઓ નો ભોગ આ સોસાયટીના રહીશો બન્યા છે.



રવિવારે રાત્રીના સુમારે કોરલસીટી, દેવલસીટી અને ગોકુલધામ સોસાયટીમાં આવેલા ૫ મકાનોમાં લૂંટારુઓ ત્રાટકી મકાનોના નકુચા તોડી, દરવાજા અને લોંખડની જાળી તોડી નાખી ઘરમાં રહેલા કબાટ, તિજોરીના તાળાતોડી સોના-ચાંદીના દાગીનાની લૂંટ ચલાવી રોકડ રકમ સહીત કરિયાણું પણ ચોરી જતા અને ઘરમાં રાચરચીલામાં તોડફોડ કરી માલસામાન રફેદફે કરી લૂંટ ચલાવી ફરાર થતા આજુબાજુમાં રહેતા લોકોએ ઘરોના દરવાજા તૂટેલા જોતા ઘર મલિક ને જાણ કરતા દોડી આવ્યા હતા અને ઘરમાં રહેલા કિંમતી માલસામાન અને રોકડ રકમની ચોરી થયાની જાણ થતા લૂંટની ઘટનાની જાણ પોલીસને કરતા પોલીસે ૫ મકાનોમાં પ્રાથમિક તપાસ હાથધરી કાયદેસરની કાર્યવાહી કરવા પ્રક્રિયા હાથ ધરી હતી. મોડાસા સહયોગ બાયપાસ ચોકડી અને મેઘરજ રોડ ચોકડી પર નાઈટ પેટ્રોલિંગ સઘન બનાવની માંગ સાથે સતત થતી ચોરી લૂંટની ઘટનાના પગલે શહેરીજનોમાં ભય ફેલાયો છે.

# પ્રાંતિજના મજરા કેન્દ્રમાં દિવ્યાંગ વિદ્યાર્થિની કેયુરી ધોરણ-૧૨ની પરીક્ષા આપી રહી છે

## ભલે મારી પાંખો ના હોય પણ હું મારી મંજીલ સુધી પહોંચીશ

પ્રાંતિજ, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના મજરા ખાતે આવેલ ભૈરવનાથ વિદ્યામંદિર ખાતે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓ પરીક્ષા આપે છે. જેમાં ચાર દિવ્યાગો પણ પરીક્ષા આપી રહ્યાં છે. જેમાં ધોરણ-૧૨માં ૯૦ ટકા દિવ્યાગ કેયુરી પણ તેના માતા-પિતાના સહારે અને રાઈટરની મદદથી પરીક્ષા આપી રહી છે.



પ્રાંતિજના ઓરણ ખાતે રહેતી કેયુરી શૈલેષભાઈ સુતરીયા કે જે દલિત સમાજમાંથી ઉછરેલ અને ધોરણ બારમાં અભ્યાસ કરે છે અને તે મજરા ખાતે આવેલ ભૈરવનાથ વિદ્યામંદિરમાં ચાલુ સાલે બોર્ડની પરીક્ષા આપી રહી છે. જેમાં કેયુરી પોતે ૯૦ ટકા દિવ્યાગ હોવા છતાં પોતે કંઈક કરી બતાવવા પોતે પોતાના માતા-પિતાના સહારે તથા રાઈટરની મદદથી બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષા આપી રહી છે, ત્યારે તે પોતે પોતાના આત્માવિશ્વાસ સાથે હાલ તો ધોરણ-૧૨ની પરીક્ષા આપી રહી છે. ત્યારે સમાજ તથા અન્ય સમાજના દિવ્યાગ માટે પણ પ્રેરણારૂપ છે કે ભલે મારી પાંખો કપાઈ ગઈ હોય પણ હું મારી મંજીલ સુધી પહોંચીશ અને હાલ હું મારા માતા પિતાના સહારે પરીક્ષા કેન્દ્ર સુધી પહોચીશુ, પણ પછી આગળ જતાં હું મારા માતા પિતાનો સહારો જરૂર બનીશ તેમ કહીએ તો પણ નવાઈ નથી. મંજીલ ગમે તેટલી દુર હોય પણ અંદરની શકિત અને આત્મવિશ્વાસ બધીજ સમસ્યાઓને પાછળ મુકી દે છે.

# મોડાસા જૂની પોલીસ લાઈન નજીક વાસણના ગોડાઉનમાં રહસ્યમય આગ લાગતા વાસણો સ્વાહા

મોડાસા, તા.૧૦

મોડાસા ટાઉનપોલીસ સ્ટેશન નજીક અને ગીચ વસ્તી ધરાવતા વિસ્તારમાં આવેલા વાસણના ગોડાઉન ના કોમ્પ્લેક્ષમાં ઉપરના માળે રહસ્યમય આગ લાગતા આગના નગરપાલિકા ફાયરબ્રિગેડની ટીમે પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવવામાં સફળ રહેતા આજુબાજુના રહીશોએ રાહતનો શ્વાસ લીધો હતો.

શનિવારે બપોરે ૩:૩૦ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતા ગોડાઉનમાં રહેલા ૫૦ હજાર રૂપિયાના વાસણો સહિતનો માલસામાન બાળીને આગમાં સ્વાહા થઈ ગયો હતો ધુમાડાના ગોટેગોટા અને આગના લબકારાના પગલે ભારે અફડાતફડી



લબકારા કોમ્પ્લેક્ષની બહાર દેખાતા ભારે આજુબાજુમાં રહેતા રહીશોમાં ભારે ફફડાટ ફેલાયો હતો વાસણના ગોડાઉનમાં આગ લાગતા વાસણો આગમાં સ્વાહા થયા હતા આગની ઘટનાના પગલે દોડી આવેલા મોડાસા વાગ્યાના સુમારે મોડાસા શહેરના હાર્દસમા વિસ્તારમાં આવેલી જૂની પોલીસ લાઈન નજીક આવેલા માધવ કોમ્પ્લેક્ષના ત્રીજા માળે આવેલા વાસણ ભંડારના ગોડાઉનમાં રહસ્યમય આગ લાગતા અને આગે મચી હતી અને કોમ્પ્લેક્ષ બહાર લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. આગની ઘટનાની જાણ ફાયરબ્રિગેડ ટીમને થતા ઘટનાસ્થળે પહોંચી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો.



**ધનસુરા પંથકમાં બટાકા કાઢવાના શરુ**

ધનસુરા પંથકમાં બટાકાનું સારું વાવેતર થાય છે. હાલ ધનસુરા પંથકમાં ખેડૂતો બટાકા કાઢવાની કામગીરીમાં જોતરાયા છે. થોડાક સમય પહેલાં વાતાવરણ વાદળછાયું થતા ખેડૂતો માટે ચિંતાનો વિષય બન્યો હતો. પણ વાદળછાયું વાતાવરણ હટતા ખેડૂતોને રાહત થઈ છે અને હાલ ખેડૂતો બટાકા કાઢવાની કામગીરીમાં જોડાયા છે.

# પાટણ સંસદીય મત વિસ્તારમાં કુલ ૧૭,૯૭,૯૩૩ મતદારો નોંધાયા

પાટણ સંસદીય મતવિસ્તારમાં (૧)૧૧-વડગામ (૨)૧૫-કાંકરેજ (૩)૧૬-રાધનપુર (૪) ૧૭-ચાણસ્મા (૫) ૧૮-પાટણ (૬)૧૯-સિધ્ધપુર (૭) ૨૦-ખેરાલુ એમ કુલ-૭ વિધાનસભા મતદાર વિભાગનો સમાવેશ થાય છે.

પાટણ સંસદીય મતવિસ્તારના ૧૧-વડગામ વિધાનસભા મતવિસ્તારમાં ૧૫૫ મતદાન મથક સ્થળ અને ૩૦૪ મતદાન મથક આવેલા છે. તા. ૦૧/૦૧/૨૦૧૯ની સ્થિતિએ ૧,૩૭,૮૦૯ પુરૂષ મતદારો ૧,૩૨,૦૭૬ સ્ત્રી મતદારો તથા ૦૩ અન્ય મતદારો મળી કુલ ૨,૬૯,૮૮૮ મતદારો નોધાયેલ છે.

૧૫-કાંકરેજ વિધાનસભા મતવિસ્તારમાં ૧૪૭ મતદાન મથક સ્થળ અને ૩૦૧ મતદાન મથક આવેલા છે. ૧,૩૭,૫૧૪ પુરૂષ મતદારો ૧,૨૩,૭૯૧ સ્ત્રી મતદારો તથા ૦૪ અન્ય મતદારો મળી કુલ ૨,૬૧,૩૦૯ મતદારો નોધાયેલ છે.

૧૬-રાધનપુર વિધાનસભા મતવિસ્તારમાં ૨૨૧ મતદાન મથક સ્થળ અને ૩૨૬ મતદાન મથક આવેલા છે. ૧,૩૯,૩૫૦ પુરૂષ મતદારો ૧,૨૮,૩૧૦ સ્ત્રી મતદારો તથા ૦૫ અન્ય મતદારો મળી કુલ ૨,૬૭,૬૬૫ મતદારો નોધાયેલ છે.

૧૭-ચાણસ્મા વિધાનસભા મતવિસ્તારમાં ૨૧૨ મતદાન મથક સ્થળ અને ૩૧૮ મતદાન મથક આવેલા છે. ૧,૩૮,૭૯૫ પુરૂષ મતદારો ૧,૨૮,૧૪૭ સ્ત્રી મતદારો મળી કુલ ૨,૬૬,૯૪૨ મતદારો નોધાયેલ છે.

૧૮-પાટણ વિધાનસભા મતવિસ્તારમાં ૧૯૧ મતદાન મથક સ્થળ અને ૩૧૩ મતદાન મથક આવેલા છે. ૧,૪૪,૩૧૯ પુરૂષ મતદારો ૧,૩૪,૦૫૬ સ્ત્રી મતદારો તથા ૦૬ અન્ય મતદારો મળી કુલ ૨,૭૮,૩૮૧ મતદારો નોધાયેલ છે.

૧૯-સિધ્ધપુર વિધાનસભા મતવિસ્તારમાં ૧૫૭ મતદાન મથક સ્થળ અને ૨૭૩ મતદાન મથક આવેલા છે. ૧,૨૮,૦૯૧ પુરૂષ મતદારો ૧,૧૮,૦૦૫ સ્ત્રી મતદારો તથા ૦૨ અન્ય મતદારો મળી કુલ ૨,૪૬,૦૯૮ મતદારો નોધાયેલ છે.

૨૦-ખેરાલુ વિધાનસભા મતવિસ્તારમાં ૧૬૮ મતદાન મથક સ્થળ અને ૨૬૯ મતદાન મથક આવેલા છે. ૧,૦૮,૨૦૮ પુરૂષ મતદારો ૯૯,૪૩૯ સ્ત્રી મતદારો તથા ૦૩ અન્ય મતદારો મળી કુલ ૨,૦૭,૬૫૦ મતદારો નોધાયેલ છે.

# સાબરકાંઠા જિલ્લામાં આદર્શ આચારસંહિતાનો અમલ

સાબરકાંઠા જિલ્લા કલેક્ટર-વ-જિલ્લા ચૂંટણી અધિકારી પ્રવિણા ડી.કે.ની અધ્યક્ષસ્થાને લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૯ અન્વયે ચૂંટણી કાર્યક્રમ અંગેની જાણકારી માટે જિલ્લા કલેકટર કચેરી-હિંમતનગર ખાતે પત્રકાર પરિષદ યોજાઇ હતી.

જિલ્લામાં આદર્શ આચારસંહિતના અમલ સાથે નિષ્પક્ષ અને ન્યાયી વાતાવરણમાં જિલ્લા ચૂંટણી તંત્ર સજ્જ હોવાનું જણાવતા જિલ્લા કલેકટર પ્રવિણા ડી.કે.એ જણાવ્યું હતું કે, ચૂંટણી જાહેર થતા તા.૧૦ માર્ચ ૨૦૧૯ જિલ્લામાં આદર્શ આચારસંહિતા અમલી બનેલ છે.

આદર્શ આચારસંહિતાના અમલમાં નિષ્પક્ષ રીતે ચૂંટણી કાર્યવાહી થાય તે માટે ચૂંટણી સંબંધી કોઈપણ ફરિયાદ ટોલ ફ્રી નં. ૧૯૫૦ મતદાર સંબંધી હેલ્પલાઈન સતત કાર્યરત રહેશે આ ઉપરાંત "CVIGIL"મોબાઈલ એપથી પણ કોઈપણ નાગરીક ફરીયાદ કરી શકાશે અને તેનો ૧૦૦ મિનિટમાં જ કાર્યવાહિ હાથ ધરવામાં આવશે તેમ જણાવ્યું હતુ.

સાબરકાંઠા જિલ્લાના ચાર વિધાનસભા મતવિસ્તારોનો સમાવિષ્ટ થાય છે જેમાં હિંમતનગરમાં વિધાનસભા વિસ્તારમાં ૩૩૯, ઈડરમાં ૩૫૩, ખેડબ્રહ્મામાં ૩૨૬ અને પ્રાંતિજમાં ૩૦૫ મળી કુલ ૧૩૨૩ મતદાન મથકો કાર્યરત થશે. જેમાં જિલ્લાના ૫,૨૧,૩૩૪ પુરૂષ, ૪,૯૨,૫૩૦ સ્ત્રી તેમજ ૨૯ અન્ય એમ મળી જિલ્લાના કુલ ૧૦,૧૩,૮૯૩ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ તા.૨૩ એપ્રિલ-૨૦૧૯ને રોજ કરી શકશે.

ભારતના ચૂંટણીપંચ દ્વારા લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૯ જાહેર થતાં ગુજરાતમાં ચૂંટણી પ્રક્રિયાની વિગતો મુજબ સાબરકાંઠા જિલ્લામાં ચૂંટણી અંગેનું જાહેરનામુ તા.૧૦ માર્ચ-૨૦૧૯ (સોમવાર), ઉમેદવારીપત્રકો ભરવાની છેલ્લી તા. ૪ એપ્રિલ-૨૦૧૯ (ગુરૂવાર), ઉમેદવારીપત્રકોની ચકાસણીની તા. ૫ એપ્રિલ-૨૦૧૯ (શુક્રવાર), ઉમેદવારીપત્રક પરત ખેંચવાની છેલ્લી તા. ૭ એપ્રિલ-૨૦૧૯ (રવિવાર) રહેશે. તા.૨૩ એપ્રિલ-૨૦૧૯ને (મંગળવાર)ના રોજ મતદાન અને તા.૨૩ મે-૨૦૧૯ (ગુરૂવાર)ના રોજ મતગણતરી થશે. ચૂંટણીપ્રક્રિયા તા.૨૭ મે-૨૦૧૯ (શનિવાર)ના રોજ પૂર્ણ થશે.

જિલ્લા ચૂંટણી અધિકારીએ વધુમાં ઉમેર્યુ હતુ કે, ચૂંટણી ખર્ચ પર નિયંત્રણ રાખવા ફરિયાદ નિવારણ કમિટી તથા ચૂંટણી ખર્ચ પર દેખરેખ નિયંત્રણ રાખવા જિલ્લા ખર્ચ નિયંત્રણ કમિટીની રચના કરવામાં આવી છે. આ ઉપરાંત ૨૧ વિડીયો સર્વેલન્સ, ૨૧, વિડીયો વ્યૂઈંગ, ૨૧, ફ્લાઈંગ સ્કવોડ, ૨૧, સ્ટેટિક સર્વેલન્સ અને એક એકાઉન્ટીંગની ટીમ કામગીરી કરશે.

જિલ્લામાં કુલ ૧૨,૧૦૯ કર્મચારીઓ મતદાન મથક પર ફરજ બજાવશે. સાબરકાંઠા જિલ્લાના ચાર વિધાનસભા મતદાર વિસ્તારમાં સમાવિષ્ટ મતદાન મથકના ૨૦ બૂથ પર સંપૂર્ણ મહિલા કર્મચારીઓ ફરજ બજાવશે. હિંમતનગરની બહેરા-મૂંગા વિદ્યાલય, ઈડરની સંસ્કાર વિદ્યાલય, ખેડબ્રહ્માની કે.ટી. હાઈસ્કૂલ અને પ્રાંતિજની મહિયલ પ્રાથમિક શાળામાં દિવ્યાંગ મતદાન મથક ઉભા કરાશે. જ્યાં દિવ્યાંગ મતદારો માટે રેમ્પ, વ્હિલચેર તેમજ વાહનની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે.

ઉમેદવારો, રાજકીય પક્ષો અને સંબંધિતોને જરૂરી વહીવટી કામગીરી સરળતાથી થઈ શકે તે માટે સિંગલ વિન્ડો સીસ્ટમ શરૂ કરવામાં આવી છે.

જિલ્લા ચૂંટણી અધિકારી પ્રવિણા ડી.કે. ચૂંટણી નિષ્પક્ષ, ન્યાયી, શાંતિપૂર્ણ અને સંપૂર્ણ પારદર્શી બની રહે અને સાબરકાંઠા જિલ્લામાં મોડલ પ્રકારની ચૂંટણી પૂર્ણ થાય તે માટે સહકાર આપવા અનુરોધ કર્યો હતો. પત્રકાર પરિષદમાં જિલ્લા વિકાસ અધિકારી સ્તુતિ ચારણ, અધિક કલેકટર વી.એલ. પટેલ, જિલ્લા ચૂંટણી અધિકારી મુકેશ પરમાર, ચૂંટણી અને માહિતી ખાતાના સંબંધિત અધિકારી-કર્મચારીઓ તેમજ પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાના પત્રકારો ઉપસ્થિત રહ્યા હતા.

# અરવલ્લી લોકસભાની ચૂંટણી અનુલક્ષી આદર્શ આચાર સંહિતાની ચુસ્ત અમલવારી માટે ૧૧ ફલાઈંગ સ્ક્વોર્ડ કાર્યરત

મોડાસા, તા.૧૧

દેશમાં ૧૭ મી લોકસભાની રચના કરવા માટે રવિવારે ચૂંટણી પંચે ૭ તબક્કાવાર દેશમાં ચૂંટણી યોજાવાની જાહેરાત સાથે ગુજરાતમાં ૨૩ એપ્રિલ-૨૦૧૯ મતદાન પ્રક્રિયા યોજાશે સાબરકાંઠા લોકસભા બેઠકમાં સમાવિષ્ટ અરવલ્લી જીલ્લામાં આગામી લોકસભાની ચૂંટણીને અનુલક્ષણી આદર્શ આચાર સંહિતાની અમલવારી માટે જીલ્લા કલેક્ટર એમ.નાગરાજને અને જીલ્લા ચૂંટણી અધિકારી પ્રિતેશ દવેએ પત્રકાર પરિષદ યોજી માહિતી આપી હતી. જીલ્લામાં આચાર સંહિતાની ચુસ્ત અમલવારી માટે ૧૧ ફલાઈંગ સ્ક્વોર્ડની ટીમની રચના કરવામાં આવી હોવાનું અને લોકસભાની ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં યોજવા જીલ્લા વહીવટી તંત્ર સજ્જ હોવાનું જણાવ્યું હતું.

અરવલ્લી જીલ્લા કલેક્ટર એમ.નાગરાજને જણાવ્યું હતું કે લોકશાહીના પર્વમાં આગામી લોકસભાની ચૂંટણીમાં ૨૬ માર્ચ સુધી ફોર્મ નં-૬ નવા મતદારોની નોંધણી પ્રક્રિયા હાથધરી વધુ મતદારો ચૂંટણી પ્રક્રિયામાં જોડાય તે માટેનું આયોજન કરવામાં આવ્યું છે. જીલ્લામાં ૭.૬૫ લાખ જેટલા મતદારો માટે ૧૦૫૮ મતદાન મથકો પર મતાધિકારનો ઉપયોગ કરી શકશે. જીલ્લામાં સખી મતદાન મથકોની પણ ઉભા કરવામાં આવશે. જેમાં બાયડ-૫, મોડાસા-૫ અને ભિલોડા-૫ મળી કુલ-૧૫ સખી મતદાન મથક ઉભા કરશે જીલ્લા વહીવટી તંત્ર દ્વારા દિવ્યાંગ મતદારો મતાધિકારનો ઉપયોગ કરી શકે તેમાટે વિશેષ વ્યવસ્થા ઉભી કરી દિવ્યાંગ મતદારોને તેમના ઘરેથી મતદાન મથક સુધી અને મતદાન પછી પરત ઘરે પહોંચાડવા વાહનોની વ્યવસ્થા ગોઠવવામાં આવી હોવાનું જણાવ્યું હતું. વધુમાં જણાવ્યું હતું કે,ભારતના ચૂંટણી પંચ દ્વારા સી-વીજીલ (C-vigil) નામની એપ્લિકેશન અમલમાં મુકવામાં આવી છે, જેમાં આચાર સંહિતાના ભંગ સંબંધિત ફરિયાદ અંતર્ગત ફોટોગ્રાફસ તેમજ વીડિયો કોઈપણ વ્યક્તિ મોકલી શકશે.



# બાયડ શીતકેન્દ્રમાં પહોંચે તે પહેલા દૂધ કેનનું બારોબારીયું કરનાર ગેંગનો પર્દાફાશ

બાયડ, તા.૧૧

સાબર ડેરી સહીત રાજ્યની ડેરીમાં વિવિધ ગ્રામ્ય વિસ્તારની દૂધ મંડળીમાંથી એકઠું કરેલ દૂધ પહોંચાડનાર ટેન્કર અને ટેમ્પોના ચાલક દૂધ કાઢી લઈ દૂધની જગ્યાએ પાણી ઉમેરી દૂધ બરોબર વેચી દેતા હોવાની અનેક ઘટનાઓ છાસવારે બનતી હોય છે. અરવલ્લી જીલ્લાના બાયડ શીતકેન્દ્રમાં બાયડના વિવિધ ગ્રામ્ય વિસ્તારોની દૂધ મંડળી માંથી એકઠા કરેલા દૂધના કેન પહોંચાડનાર આયશર ટ્રકના ચાલક અને કંડકટરે અન્ય બે શખ્શો સાથે મળી આયશર ટ્રકમાંથી ૪ કેન અન્ય બે શખ્શોની મદદ લઈ રિક્ષામાં ચઢાવી ફરાર થાય તે પહેલા હમીરપુર ગામના લોકોએ પકડી પાડી બાયડ પોલીસને સોંપતા દૂધનું બરોબર ચોરી કરનાર ગેંગ નો પર્દાફાશ થયો હતો.

બાયડ શીતકેન્દ્રમાં વિવિધ દૂધમંડળીના દૂધના કેન પહોંચાડવાનું કામ કરનાર આયશર ટ્રક (ગાડી.ન્ન ૧૬ફ ૫૭૬૬)નો ચાલક શૈલેષભાઈ લક્ષમણભાઈ પરમાર (રહે, વાસણી રેલ, બાયડ) અને વિશાલ ભાઈ ભલાભાઈ સોલંકી (રહે, અલવા આકોડીયા, બાયડ) કેટલાક સમયથી આયશર ટ્રકમાંથી દૂધના કેન બરોબર ચોરી જતા હોવાનું હમીરપુર ગામના ગ્રામજનોને જાણ થતા ગામલોકોએ વોચ ગોઠવી શૈલેષ લક્ષમણ પરમાર અને વિશાલ ભલાભાઈ સોલંકીને દૂધના કેનનું બારોબારીયું કરવા બોલાવેલી રીક્ષા અને સુરેશ ભયજી ભાઈ ઝાલા (રહે, ચપટીયા, કપડવંજ) અને પંકજકુમાર કનુભાઈ વાળંદ (રહે, સુણદા, કપડવંજ) ને શનિવારે આયશર ટ્રક માંથી ૪ કેન દૂધ લીટર-૧૪૦ કીં.રૂ ૬૩૦૦/- ઉતારી રિક્ષામાં ચઢાવતા રંગે હાથે પકડી પાડી બાયડ પોલીસને સોંપતા બાયડ પોલીસે ગોપાલભાઈ બાલાભાઈ પરમાર (રહે, હમીપૂરા, તા-બાયડ)ની ફરિયાદના આધારે ૪ શખ્શો સામે ઈપીકો કલમ-૩૮૧,૧૧૪ મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે આયશર ટ્રકમાંથી આખેઆખા કેન ઉઠાવી જતા અનેક શંકા કુશંકાઓ પેદા થઈ છે આયશર ટ્રકમાં વિવિધ ગ્રામ્ય વિસ્તારોની દૂધ મંડળીમાંથી ઉઘરાવેલ કેન બાયડ શીતકેન્દ્ર પર પહોંચતા હશે ત્યારે ગણતરી કરવામાં નહિ આવતી હોય કે પછી બાયડ શીતકેન્દ્રનો કોઈ કર્મચારી સાથે સાંઠગાંઠ હશે..? કે પછી આયશર ટ્રકમાંથી ચોરેલ દૂધના કેન ઉતારી લઈ દૂધ અન્ય જગ્યાએ ઠાલવી તેની જગ્યાએ કેનમાં પાણી તો નહિ મિલાવતા હોય તેવી અનેક ચર્ચાઓએ બાયડ પંથકમાં જોર પકડયું છે.

હાર્દિક અભિનંદન



ડૉ.રાજુલબેન દેસાઈ

ભારત સરકાર દ્વારા ડૉ.રાજુલબેન વિપુલભાઈ દેસાઈની રાષ્ટ્રીય મહિલા આયોગના સભ્ય તરીકે નિમણૂંક થતાં સમગ્ર રબારી સમાજ તેમજ બનાસકાંઠાવાસીઓ આપને ખૂબ ખૂબ અભિનંદન પાઠવીએ છીએ.

લિ.

કમલેશ કાળુભાઈ દેસાઈ

ચેરમેન, જીવદયા માનવસેવા ફાઉન્ડેશન ઈન્ડિયા
ઉપપ્રમુખ, ભારતીય જનતા યુવા મોરચો ડીસા શહેર
મેમ્બર, પીપલ ફોર એનિમલ દિલ્હી
(કે.કે દેસાઈ પરિવાર - ડીસા)